Thursday
04.08.2022
*Volume :7 * Issue No.02
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

### મુખ્યમંત્રીશ્રી – સાયન્સ ટેક્નોલોજી મંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતી

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વમાં રાજ્યના ઈન્ફરમેશન ટેક્નોલોજી લેન્ડસ્કેપમાં વધુ એક મહત્વપૂર્ણ કદમ

### લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ L&T એ વડોદરા નજીક આઇ.ટી ટેક્નોલોજી પાર્કમાં વધુ રોકાણો માટે રાજ્ય સરકાર સાથે MoU કર્યા




કમલમ્ ન્યુઝ,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વમાં રાજ્ય સરકારે જાહેર કરેલી IT અને ITeS (૨૦૨૨-૨૭) પોલિસીને વ્યાપક ફળદાયી પ્રતિસાદ મળી રહ્યો છે. આ સંદર્ભમાં ગુજરાતે વધુ એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. વિશ્વખ્યાત ઉદ્યોગજૂથ લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ દ્વારા વડોદરા નજીક IT અને ITeS ઈનેબલ્ડ સર્વિસીસના ટેક્નોલોજી પાર્કમાં વધુ રોકાણો માટે રાજ્ય સરકાર સાથે MoU કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં અને સાયન્સ ટેક્નોલોજી મંત્રી શ્રી જિતુભાઇ વાઘાણીના માર્ગદર્શનમાં આ MoU રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ અને L&T એ કર્યા હતા. ગુજરાતમાં IT અને ITeS પોલિસી અંતર્ગત વિવિધ આઇ.ટી કંપનીઓ, ઉદ્યોગોની વ્યૂહાત્મક ભાગીદારી સાથે રાજ્યની IT ઈકો સિસ્ટમને વધુ વિકસાવવામાં આ MoU એક સિમાચિન્હ બની રહેશે. L&T આગામી પાંચ વર્ષમાં રાજ્યમાં આ આઈ.ટી. પાર્કમાં ૭ હજાર કરોડ રૂપિયાનું મુડીરોકાણ કરશે. એટલું જ નહિ, વડોદરાના આ ટેક્નોલોજી પાર્કમાં એક જ વર્ષમાં બે હજાર ઈજનેરો અને અન્ય જગ્યાઓ માટે રોજગાર અવસર મળતા થશે. આગામી પાંચ વર્ષમાં ડાયરેક્ટ અને ઈનડાયરેક્ટ એમ્પ્લોયમેન્ટ મળી કુલ ૧૦ હજાર જેટલી સૂચિત રોજગારી પૂરી પાડવાનું L&T નું આયોજન છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે મજબૂત નીતિ માળખું ઘડીને એક એવી અનુકૂળ બિઝનેસ ઈકોસિસ્ટમનું નિર્માણ કર્યુ છે જેમાં ઉદ્યોગો માટે પ્રોત્સાહન, તકો અને IT ને લગતી કામગીરી ગુજરાતમાં શરૂ કરવા માટેની સરળ પ્રક્રિયાઓ અને સાનુકૂળ વાતાવરણ છે. માહિતી ટેક્નોલોજી ક્ષેત્રે 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા માટે, ઉત્કૃષ્ટ આઇ.ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ અને રાજ્યમાં ૧ લાખ આઇ.ટી નોકરીઓનું સર્જન કરવાના પ્રયાસોના ભાગરૂપે રાજ્ય સરકારે મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં ગુજરાત આઈટી/ ITeS નીતિ (૨૦૨૨-૨૭) જાહેર કરેલી છે. વધુમાં, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ સતત રોજગાર સર્જન અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂક્યો છે. તેના લીધે રોજગાર સર્જન પ્રોત્સાહન (EGI) અને આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના જેવા સક્ષમ પ્રોત્સાહનો મળ્યા છે. આ નીતિ ભારતીય IT ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન પોલિસી લેન્ડસ્કેપમાં પ્રથમ વખત CAPEX-OPEX મોડલનો એક નવીન ખ્યાલ પણ રજૂ કરે છે.

આ નીતિએ સમગ્ર IT ઉદ્યોગોમાં એક અભૂતપૂર્વ આકર્ષણ ઉભું કર્યુ છે અને અનેક રોકાણકારો ગુજરાત સરકાર સાથે ભાગીદાર બનવા માટે તત્પર છે.

નીતિ અમલી થયાના શરૂઆતના પ્રથમ ૬ મહિનામાં જ ગુજરાત સરકારે ૧૩ અગ્રણી સ્થાનિક અને વૈશ્વિક IT કંપનીઓ સાથે એમઓયુ કર્યા છે. આ MoUs અન્વયે કુલ રૂ. ૨૪૦૦ કરોડના સૂચિત રોકાણ સાથે, આશરે ૧૩,૭૫૦ ઉચ્ચ કૌશલ્ય ધરાવતી IT રોજગારીની તકો ઊભી કરવામાં આવશે. હવે ન્ની વડોદરામાં IT/ ITeS ટેક્નોલોજી પાર્ક માટે ગુજરાત સરકાર સાથેની સહભાગીતાથી સંસ્કાર નગરી વડોદરા હવે IT/ ITeS ક્ષેત્રે પણ ઉત્કૃષ્ટ નગરી બનશે. R&D ડિઝાઇન કેન્દ્રો સાથે, L&T 5G, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સહયોગી રોબોટ્સ, ડિજિટલ ફેક્ટરી અને ઓટોનોમસ ટ્રાન્સપોર્ટ જેવી ટેકનોલોજીમાં નિપુણતા ધરાવે છે. હવે વડોદરામાં IT/ ITeS ટેક્નોલોજી પાર્કથી L&T એક નવું સોપાન સર કરશે. આ MoU પર L&T વતી સી.ઈ.ઓ અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી એસ. સુબ્રહ્મણયને તથા સાયન્સ ટેક્નોલોજી સચિવ શ્રી વિજય નહેરાએ રાજ્ય સરકાર વતી હસ્તાક્ષર કર્યા હતા. આ મહત્વપૂર્ણ MoU સાઈનીંગ અવસરે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી અને L&T ના પ્રતિનિધિઓ જોડાયા હતા. ગુજરાતની IT ઈકોસિસ્ટમમાં આ મહત્વપૂર્ણ IT/ITeS નીતિ (૨૦૨૨-૨૭)થી રાજ્યના માહિતી પ્રૌદ્યોગિક લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવવાની કલ્પના છે. ગુજરાતને માહિતી ટેક્નોલોજી ક્ષેત્રે અગ્રણી રાજ્યોમાંનું એક બનાવવા માટે વિવિધ પાસાઓને વધુ મજબૂત કરી આઈટી ઈકોસિસ્ટમ માટે ગુજરાત "ડેસ્ટીનેશન ઓફ ચોઈસ" બનશે.

## કેન્દ્ર સરકારના જાહેર સાહસોના વિભાગોના અધિકારીઓ સાથે અનામત નીતિની સમીક્ષા કરતા ડોક્ટર કિરીટભાઈ સોલંકી



કમલમ્ ન્યુઝ,
ડોક્ટર કિરીટભાઈ પ્રેમજીભાઈ સોલંકી ચેરમેન અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ સંસદીય કલ્યાણ સમિતિના વડ પણ હેઠળ ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને જાહેર સાહસોના ઉચ્ચ સ્તરીય અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં વિવિધ વિભાગો અને જાહેર સાહસો માં અનામત નીતિની અમલવારી સરળતાથી થાય તેમજ રિઝર્વેશન અને પ્રમોશન નીતિનો બંધારણીય જોગવાઈઓ મુજબ અમલ થાય તે માટે ની એક સમીક્ષા બેઠક એનેક્ષિ, લોકસભા નવી દિલ્હી ખાતે યોજાઈ હતી. ડોક્ટર કિરીટભાઈ સોલંકી ચેરમેન અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ સંસદીય કલ્યાણ સમિતિ એ એક વ્યાપક બેઠક બોલાવીને વિવિધ PSUs (મહારત્ન) માં પ્રમોશન અને સરકારી નોકરીઓમાં અનામત અંગે SC/ STના ઉચ્ચ સ્તરીય સમીક્ષા કરી હતી. તેમજ વિવિધ વિભાગમાંથી ઉપસ્થિત રહેલ અધિકારીઓને અનામત નીતિની અમલવારી સુચારું રૂપે થઈ શકે તે માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું જે તે વિભાગોમાં જ્યાં પણ જગ્યાઓ ખાલી હોય કે પ્રમોશન ની ફાઈલો પડતર હોય તેને તાત્કાલિક અસરથી પરિપૂર્ણ કરવા માટે પણ સમિતિના ચેરમેન તરીકે સુચનાઓ આપી હતી. આજે યોજાયેલી આ બેઠકમાં SC/ST સમિતિના સભ્યો, સંયુક્ત સચિવ દેશરાજ શેખરજી, શ્રી અલી રાજા રીજવી, સચિવ શ્રી ફાઈનાન્સ (જાહેર સાહસો), શ્રી પંકજ જૈન, સચિવ શ્રી પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ, શ્રી આલોક કુમાર, સચિવ શ્રી ઉર્જા વિભાગ, અનિલ કુમાર જૈન, સચિવ શ્રી કોલ ઈન્ડિયા, શ્રી અરૂણ ગોયેલ, સચિવ શ્રી હેવી ઈન્ડસ્ટ્રીઝ, અભિજીત નરેન્દ્ર, સંયુક્ત સચિવ શ્રી સ્ટીલ વિભાગ, શ્રી નલિન સિંઘલ ,CMD BHEL અરુણકુમાર સિંઘ CMD BPCL, શ્રીપ્રમોદ અગ્રવાલ CMD કોલ ઈન્ડિયા, શ્રી મનોજ જૈન, CMD GAIL, શ્રી પુષ્પ કુમાર જોષી, CMD HPCL, શ્રી શ્રીકાંત માધવ વૈધ, CMD IOCL , શ્રી ડી.કે.પટેલ, ડાયરેક્ટર (હ્યુમન રિસોર્સ) NTPC, શ્રીમતી ડૉક્ટર અલકા મિત્તલ, CMD ONGC, શ્રી રવિન્દ્ર સિંઘ ધિલ્લોન, CMD પાવર ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ, શ્રી કે. શ્રીકાંત, CMD પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ, શ્રી સોમા મોડલ , ચેરમેન સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ઉપરાષ્ટ્રપતિએ લાલ કિલ્લા પરથી સાંસદોની 'હર ઘર તિરંગા' બાઈક રેલીને લીલી ઝંડી બતાવી

### VPએ સાંસદોને રાષ્ટ્રધ્વજ સાથે ભાવનાત્મક જોડાણને તેમના મતવિસ્તારોમાં લઈ જવા વિનંતી કરી

**'જેમ આપણે ગર્વથી આપણો રાષ્ટ્રધ્વજ લહેરાવીએ છીએ, તેમ તેમ એકતા અને સાર્વત્રિક ભાઈચારાનાં આપણા રાષ્ટ્રીય મૂલ્યોને પણ પ્રતિબિંબિત કરીએ છીએ'**



કમલમ્ ન્યુઝ,
ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ આજે સંસદના સભ્યો અને અન્ય ચૂંટાયેલા પ્રતિનિધિઓને આઝાદી કા અમૃત મહોત્સવ અને રાષ્ટ્રધ્વજ સાથે ભાવનાત્મક જોડાણનો સંદેશ લોકો સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું. ઉપરાષ્ટ્રપતિએ લાલ કિલ્લાથી વિજય ચોક સુધી સાંસદોની 'હર ઘર તિરંગા' બાઈક રેલીને લીલી ઝંડી આપી હતી. ભારતના નાગરિકો અને રાષ્ટ્રધ્વજ વચ્ચે વ્યક્તિગત જોડાણ કેળવવા માટે ભારત સરકારની પહેલ 'હર ઘર તિરંગા'ની જાગૃતિ વધારવા માટે સંસ્કૃતિ મંત્રાલય દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ કેન્દ્રીય મંત્રીઓએ પણ બાઈક રેલીમાં ભાગ લીધો હતો. આ પહેલ માટે સાંસ્કૃતિક મંત્રાલયની પ્રશંસા કરતા શ્રી નાયડુએ કહ્યું કે સ્વતંત્રતા દિવસની ઉજવણીએ "આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ સંસ્થાનવાદી શાસન સામેના તેમના સંઘર્ષમાં આપેલા અસંખ્ય બલિદાનોની યાદ અપાવવી જોઈએ". તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાંથી બહાદુરી અને સામાજિક સમરસતાની વાર્તાઓનું પુનરાવર્તન કરવાનું પણ આહ્વાન કર્યું હતું. "જેમ આપણે ગર્વથી આપણો રાષ્ટ્રધ્વજ લહેરાવીએ છીએ, તેમ તેમ એકતા, સંવાદિતા અને સાર્વત્રિક ભાઈચારાના આપણા રાષ્ટ્રીય મૂલ્યોને પણ પ્રતિબિંબિત કરીએ છીએ અને તેને જાળવી રાખીએ છીએ", એમ તેમણે સૂચન કર્યું. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ, સંસદીય બાબતોના મંત્રી શ્રી પ્રહલાદ જોશી, સાંસ્કૃતિક મંત્રી શ્રી કિશન રેડ્ડી, ભારતના મહિલા અને બાળ વિકાસ મંત્રી, શ્રીમતી સ્મૃતિ ઈરાની, ભારતના યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી. સંસદીય બાબતો અને સંસ્કૃતિ રાજ્ય મંત્રી અનુરાગ ઠાકુર, શ્રી અર્જુન રામ મેઘવાલ, વિદેશ રાજ્ય મંત્રીઓ, શ્રીમતી મીનાક્ષી લેખી અને શ્રી વી. મુરલીધરન અને મોટી સંખ્યામાં સાંસદોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.



કમલમ્ ન્યુઝ,
સંસદપરિસરમાં, વિશ્વની સૌથી મોટી પાર્ટી ભારતીય જનતા પાર્ટી ના મશહૂર અને મહેનતુ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીમાન જગત પ્રકાશ નડ્ડાજી સાથે અમદાવાદ પશ્ચિમ ના લોકપ્રિય સાંસદ ડો કિરીટભાઈ પ્રેમજીભાઈ સોલંકી એ સૌજન્ય મુલાકાત કરી. સાંસદ શ્રી ડોકટર કીરીટભાઈ પ્રેમજીભાઈ સોલંકી જણાવ્યું કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષનુ પ્રત્યેક મુલાકાત અને બેઠકો મા માર્ગદર્શન હંમેશા પ્રેરણાદાયી હોય છે.

## મહીલાઓને સરકારશ્રી દ્વારા ચાલતી વિવિધ મહિલાલક્ષી યોજનાઓનો લાભ ઉઠાવી આર્થીક રીતે સ્વનિર્ભર બને-નવસારી ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈ






કમલમ્ ન્યુઝ,
રાજયમાં નારી વંદન ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે જેના ભાગ રૂપે નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રામજી મંદિર હોલ, દૂધિયા તળાવ ખાતે મહિલા અન્વયે "મહિલા સ્વરોજગાર મેળા"નું આયોજન નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈની અધ્યક્ષતામાં અને મહાનુભાવોની ઉપસ્થિતમાં દિપપ્રાગટ્ય કરી મહીલા સ્વાલંબન દિવસ ઉજવણી કરવામાં આવી હતી. સાથે મહિલા રોજગાર ભરતી મેળો પણ યોજાયો હતો મહીલા સ્વાવલંબન દિવસે મહિલાઓ આત્મનિર્ભર બની સમાજમાં આગવું સ્થાન ઉભું કરી શકે તે માટે મહિલા રોજગાર ભરતી મેળાનું આયોજન પણ કરવામાં આવ્યું હતુ મહિલા અને બાળ અધિકારીશ્રી બી.જે.ગામીત દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદ્બોધન કરવામાં આવ્યું અને યોજનાકીય માહિતી આપવામાં આવી અને "સખી" વનસ્ટોપ સેન્ટર ના કેન્દ્ર સંચાલકશ્રી અસ્મિતાબેન ગાંધી દ્વારા OSC ની વિસતૃત માહિતી આપવામાં આવી તેમજ OSC નો વિડીયો બતાવવામાં આવ્યો હતો. ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈનના કાઉન્સેલર દ્વારા ૧૮૧ ની માહિતી આપવામાં આવી હતી. વિધવા બહેનો, ITI નવસારી, ITI બિલીમોરા, DRDA સખી મંડળના બહેનો, બરોડા સ્વરોજગાર સંસ્થાના તાલીમાર્થી બહેનોએ રોજગાર મેળામાં હાજરી આપી હતી. નવસારી GIDC ની પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓ હાજર રહી બહેનોને કામ આપવાની કામગીરી બાબતે ચર્ચા અને રજીસ્ટ્રેશન તેમજ ઈન્ટરવ્યુ લીધા હતાં.

મહિલા સ્વાલંબન દિવસ ઉજવણીમાં જિલ્લામાંથી ઉપસ્થિત મહીલાઓને સંબોધન કરતા નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈએ નારી વંદન ઉત્સવની વિસ્તૃત રૂપરેખા આપી જણાવ્યું કે, મહીલાઓને સરકારશ્રી દ્વારા ચાલતી મહિલાલક્ષી યોજનાઓનો લાભ ઉઠાવી આર્થીક અને સામાજીક રીતે આગળ આવવા અપીલ કરી હતી. વધુમાં જણાવ્યું હતું કે, સમાજમાં મહિલાઓ વિવિધ ક્ષેત્રમાં આગળ આવી મહત્વ પૂર્ણ ભુમિકા ભજવશે ત્યારે જ મહીલા સશક્તિકરણ સાર્થક ગણાશે તેમજ મહિલાઓને સ્વનિર્ભર બની આત્મ સન્માન સાથે સમાજમાં દાખલો બેસાડવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમનુ આયોજન સખીવન સ્ટોપ સેન્ટર નવસારી ના કેન્દ્ર સંચાલક ભાવિષાબેન રોહિત દ્વારા કરવામાં આવ્યું હતું. આ અવસરે અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં જિલ્લામાંથી મહિલાઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

